વર્ષ : ૬૫ ■ અંક : ૨૪ ■ તા.૧૬-૧૨-૨૦૨૫

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક



3 વર્ષ

## અડગ નેતૃત્વ અને અવિરત વિકાસનાં





सत्यमेव जयते
ગુજરાત સરકાર

3 વર્ષ
અડગ નેતૃત્વ અને
અવિરત વિકાસનાં

# માનનીય મુખ્યમંત્રી
# શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના
# અડગ નેતૃત્વ અને અવિરત વિકાસનાં 3 વર્ષ








## કરુણામય અને કટિબદ્ધ

મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના હેઠળ **4 લાખથી વધુ સગર્ભા અને ધાત્રી માતાઓને પોષણક્ષમ આહારનો લાભ**

PMJAY હેઠળ **₹10 લાખ સુધીની નિઃશુલ્ક સારવાર**

નમો લક્ષ્મી યોજના થકી **10 લાખથી વધુ વિદ્યાર્થિનીઓને મળી આર્થિક સહાય**

મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ અંતર્ગત **1 લાખથી વધુ સ્માર્ટ ક્લાસનું નિર્માણ**

નારી સશક્તિકરણ માટે મહિલાલક્ષી **200થી વધુ યોજનાઓનું અમલીકરણ**

**માતા મૃત્યુદરમાં 50%** અને **બાળ મૃત્યુદરમાં 57%**નો નોંધપાત્ર ઘટાડો

## નિર્ભય અને નિર્ણાયક

**સરકારી જમીનો પરનું ગેરકાયદેસર દબાણ** દૂર કરી અનેક સમસ્યાઓનું નિરાકરણ

ગુજરાતની શાંતિ અને સલામતીને વધુ સુનિશ્ચિત કરવા **પોલીસ ભરતીની જાહેરાત**

**પ્રોજેક્ટ VISWAS** હેઠળ ગુજરાતમાં **7000થી વધુ CCTV કેમેરા**નું વિશાળ નેટવર્ક

નીતિ આયોગની તર્જ પર ગુજરાતમાં થિન્ક ટેન્ક **GRITની સ્થાપના**

તમામ પ્રકારની ઇમરજન્સી સેવાઓ માટે **હેલ્પલાઇન નંબર 112ની શરૂઆત**

મહેસૂલી કાયદાઓનું **સરળીકરણ**

**9 નગરપાલિકાઓને** મહાનગરપાલિકાનો દરજ્જો

## ઊર્જાવાન અને ઉદ્યમશીલ

**ગુજરાતને મળી કોમનવેલ્થ ગેમ્સ-2030ની યજમાની**, વૈશ્વિક કક્ષાનું સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, રાજ્યમાં 24 સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ કાર્યરત


**ચાર સેમિકન્ડકટર પ્લાન્ટ્સ** થકી યુવાઓ માટે રોજગારની વિપુલ તકો

સ્ટાર્ટઅપ રેન્કિંગમાં **સતત ચાર વાર ગુજરાત બન્યું બેસ્ટ પર્ફોમર સ્ટેટ**

UNESCO એ જાહેર કર્યો **ગરબાને 'અમૂર્ત સાંસ્કૃતિક વારસો'**

UNWTO દ્વારા ધોરડોને વિશ્વના **શ્રેષ્ઠ ટુરિઝ્મ વિલેજ** તરીકેનું સન્માન

જનજાતીય ગૌરવ દિનઃ **₹2 લાખ કરોડનું બજેટ સાથે જનજાતીય કલ્યાણ યોજનાની શરૂઆત**



"નિર્ણાયકતા અને સ્પષ્ટ દૃષ્ટિકોણ સાથે, ગુજરાતનો સર્વાંગી વિકાસ જ અમારો અટલ સંકલ્પ છે."

**- શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

Gujarat
The Reliable fortnightly of Gujaratis

Year : 65 ■ Issue : 24 ■ Date : 16 - 12 - 2025

| | | |
|---|---|---|
| તંત્રી | : | કે. એલ. બચાણી |
| સહતંત્રી | : | અરવિંદ પટેલ |
| કાર્યવાહક તંત્રી | : | જયેશ દવે |
| સંપાદક | : | મનીષા વાઘેલા |
| સહસંપાદક | : | બેલા મહેતા, અરૂણા ડાવરા, નીરવ રાવલ |
| કલાનિર્દેશક | : | જસ્મીન દવે |
| લેઆઉટ ડિઝાઇન | : | મૌલિક એમ. રાજપૂત |
| વિતરણ વિભાગ | : | ગીતા દેસાઇ, દામિની ચૌહાણ, મિલન બેરા, દિવ્યરાજસિંહ ઝાલા |

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

| | | |
|---|---|---|
| વિતરણ વિભાગ | : | ફોન : ०७९ - २३२५३४४२ |
| ઈ-મેલ એડ્રેસ | : | gujaratmagazine@gmail.com |
| ફરિયાદ એડ્રેસ | : | gujaratpaxik1@gmail.com |
| ફેસબુક લિંક | : | gujaratinformation.official |

**તંત્રી વિભાગ**
'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ દ્વારા મુદ્રિત

**48 + 4 Cover = Total 52 Pages**

આ અંક નીચેની વેબસાઈટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ४००१०२.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.

# શબ્દશઃ



- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં વિકાસના સ્કેલ અને સ્પીડના નવા આયામો પ્રસ્થાપિત કર્યા છે.
- વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી શરૂ થયેલો રણોત્સવ આર્થિક સામાજિક વિકાસનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.
- ગુજરાતના પ્રવાસન ઉદ્યોગને વેગ આપવાનું માધ્યમ બન્યો છે કચ્છનો રણોત્સવ.
- વડાપ્રધાનશ્રીના નવ સંકલ્પો દ્વારા વિકસિત ભારતનો સંકલ્પ સાકાર કરીએ.
- આપણે સૌએ સરદારસાહેબના 'રાષ્ટ્ર પ્રથમ'ના સિદ્ધાંતને હૃદયમાં રાખીને દેશના વિકાસપથ પર અડગ રહેવું જોઈએ.
- વિકસિત ભારત@૨૦૪૭ના રાષ્ટ્રીય સંકલ્પને સાકાર કરવા માટે પ્રતિબદ્ધતા, કાર્યશીલતા અને એકતાની ભાવના સાથે આગળ વધવું એ આજના સમયની માંગ છે.
- કૌશલ્ય, નવીનતા અને સખત મહેનતનો કોઈ વિકલ્પ નથી. ભારતના યુવાનોમાં આ ત્રણેય ગુણો અને ક્ષમતા છે.
- આપણો યુવાન Skill, Will અને Zealના બળે પથ્થરમાંથી પાણી કાઢી શકવા સમર્થ છે.
- ગુજરાત સમગ્ર દેશ માટે વિકાસનું રોલ મૉડેલ બન્યું તેનું શ્રેય આપણા સામૂહિક ચિંતન અને લોકોનું ભલું કરવાની ઈચ્છાશક્તિને જાય છે.
- બે દશક પહેલા અંબાજીથી ઉમરગામ સુધીના આદિવાસી પટ્ટામાં એક પણ સાયન્સ કૉલેજ ન હતી, જ્યારે આજે બે ડઝન સાયન્સ, આર્ટ્સ અને કોમર્સ કૉલેજ કાર્યરત છે.
- કોમનવેલ્થ ગેઈમ્સના આયોજન સાથે ગુજરાત વિશ્વનું સ્પોર્ટ્સ હબ બનશે.


(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યના અંશો)

# ‘સાવ જુદું છે’ - ગઝલસંગ્રહ

**ડૉ. અજય રાવલ**

૨૦૨૫ના છેલ્લા મહિનાની પહેલી તારીખે ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ ૨૦૨૨ના પુરસ્કારોની ઘોષણા કરવામાં આવી અને તેમાં ગાંધીનગરના ગઝલકાર શ્રી કિશોર જિકાદરાના ગઝલસંગ્રહ 'સાવ જુદું છે'ને ગુજરાત સાહિત્ય અકાદમીનું કવિતા વિભાગના શ્રેષ્ઠ પુસ્તકનું દ્વિતીય પારિતોષિક પ્રાપ્ત થયું.

આ ગઝલસંગ્રહ તેના નામ પ્રમાણે સાવ જુદો છે. આ ગઝલસંગ્રહ ૨૦૨૨માં રન્નાદે પ્રકાશન દ્વારા પ્રકાશિત થયો છે. કુલ ૧૧૧ ગઝલોથી સમૃદ્ધ ‘સાવ જુદું છે’ ગઝલસંગ્રહની પ્રસ્તાવનામાં સર્જક પોતે જ પોતાની ગઝલ માટે આકરા આલોચક છે તેવી ઘોષણા કરે છે.




આ ગઝલસંગ્રહનું મુખપૃષ્ઠ પણ તેના નામ પ્રમાણે કંઈક અલગ છે. ગઝલસંગ્રહની પ્રસ્તાવનામાં કવિ એકરાર કરે છે કે તેમના આ સંગ્રહની જનની ફેસબુક અને વૉટ્સઍપ છે. સર્જક દરરોજ સવારે એક તાજો શેઅર લખીને સોશિયલ મીડિયાના પ્લૅટફૉર્મ પર મૂકે છે. બીજા દિવસે શક્ય બને તો એ જ રદીફને ચાલુ રાખી બીજો શેઅર, ત્રીજા દિવસે કાં તો ત્રીજો શેઅર અથવા પાંચ કે સાત શેઅરની મુકમ્મલ ગઝલ રજૂ કરે છે. આ પુસ્તકનું મુખપૃષ્ઠ પણ એક રીતે સૂચક જણાય છે. તે WhatsAppના ઈમોજીથી પ્રેરાઈને લેવાયું છે.

રન્નાદે પ્રકાશન દ્વારા પ્રકાશિત આ સંગ્રહની ગઝલો એક-એકથી ચડિયાતી છે અને એ કારણે આ ગઝલસંગ્રહ ‘સાવ જુદું છે’ ખૂબ જ આસ્વાદ્ય બન્યો છે. એક શેઅર વાંચવાનું શરૂ કર્યા બાદ સંપૂર્ણ ગઝલ વાંચ્યા વિના ન રહી શકાય તેવો અનુભવ થાય છે. આ સંગ્રહની તમામ ગઝલ ઉત્તરોત્તર વધુ ને વધુ ચોટદાર અને મર્મસ્પર્શી જણાય છે. તેમાંના થોડાક શેઅર જોઈએ તો..

**લો, બિલોરી કાચ આપું, જોઈ લો,**
**ભીતરે બેઠો નથી ને ક્યાંય રાવણ?**
**સારું છે કે નરસું? ક્હેજો મેં પાડ્યું છે,**
**મારું નામ નથી કૈં પાડ્યું મારાં ફઈએ.**

આવી જ રીતે સર્જકના ઘણા બધા શેઅરમાં ખૂબ સહજ વાત અદભૂત ઉઠાવ સાથે રજૂ થાય છે.

**મેં લખાવી આહ ઊની કોચવાતાં,**
**ફંડફાળામાં બીજું તો શું લખાવું?**

**એમ થોડું થૈ જવાશે બુદ્ધ બીજા,**
**પ્યાર ને ઘરબાર કૈં ત્યાગી જવાથી !**
**આજે મારા કાન સાથે ના થવાનું થઈ ગયું,**
**ન્યૂઝ મારા મોતના પાકા મને કોઈ કહી ગયું.**
**ગૅરંટીથી કામ પત્યું નહિ આ વખતે કૈં,**
**ભૂવાએ પણ કહી દીધું કે ભારે થૈ છે!**

સર્જકની શૈલી એટલી સુંદર અને સરળ છે કે શબ્દો સીધેસીધા તમારા કાન વાટે હૃદયમાં ઊતરી જાય છે ત્યારે સાચ્ચે જ અનુભવાય છે કે ગઝલ એ કાનની કળા છે. બધી જ ગઝલ તેનાં લય, છંદ, બંધારણ, શેરિયત અને સંવેદનની જાળવણીને કારણે બળૂકી બની છે. આમ, ગઝલ સાચી અને સારી એમ બંને પ્રકારે માણી શકાય છે.

સર્જકનું શબ્દ વૈવિધ્ય તેમજ સમૃદ્ધિ સુપેરે ગઝલોમાં દેખાય છે. સાથોસાથ ઘણી ગઝલોમાં કવિનું કલ્પના તત્ત્વ પણ ખૂબ સુંદર રીતે જોઈ શકાય છે. જુઓ કેટલાક એવા શેઅર..

**ભીંત પર ચિતરાવશું સૂર્યો અને-**
**ચાંદનીથી છાપરું અજવાળશું.**
**હું તરત ઊંઘી ગયો પડખું ફરીને આ તરફ,**
**રાતને પડખું ફરી કંઈ ઊંઘતાં ફાવ્યું નહીં.**
**હમણાં હમણાં શ્વાસો પણ હેરાન કરે છે,**
**હક છે તમને, કરજો ને હેરાન તમે પણ.**

આ ગઝલસંગ્રહ સર્વથા માણવા યોગ્ય છે.